# ડીસાના ટેટોડા નજીક ઘાસ ભરેલી ટ્રક સળગી ઉઠતાં દોડધામ

## સરકારી ઘાસ ભરેલી ટ્રક સળગવાની બે દિવસમાં ત્રીજી ઘટના

બનાસકાંઠા જીલ્લામાં સરકારી ઘાસનો જથ્થો ભરેલ ટ્રક આગ હોનારતનો ભોગ બનવાની ઉપરાઉપરી ચિંતાજનક હદે વધારો થઈ રહ્યો છે.અને વીજળીના ઢીલા અને ઝળુંબતા વાયરો જ આવી સાથે થતા ઘાસચારામાં આગ લાગવાની ઘટનાઓ બની રહી છે.. ગત રવિવારે દિયોદર અને



ત્રીજી ઘટના બની છે.ગતરોજ ડીસા તાલુકાના ટેટોડા નજીક બનેલી આ ઘટનામાંપણ ઘાસનોજથ્થોભસ્મીભૂત થઈ ગયો છે.

બનાસકાંઠાની ગૌશાળા અને પાંજરાપોળ સંસ્થાઓને ઘાસનો પુરવઠો પૂરો પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા ઘાસચારો ભરેલી ટ્રકો મોકલવામાં આવી રહી છે.. પરંતુ ઘાસ ભરેલી ટ્રકોમાં આગ લાગવાની ઘટનાઓમાં ઘટનાઓનું કારણ બની રહ્યા છે.બનાસકાંઠામાં જોખમી હાલતમાં ઝલુંબી રહેલી વીજ લાઈનોને ઉંચી કરવા માટે અગાઉ પણ ગૌશાળાના સંચાલકો દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપનીને લેખિત રજુઆત કરવામાં આવી હોવા છતાં વીજ લાઈનોને ઉંચી લેવામાં આવતી નથી.. જેના પગલે ઘાસચારો ભરીને જતી ટ્રકોમાં રહેલા ઘાસનો સંપર્ક વીજવાયરો કાંકરેજ તાલુકામાં ઘાસચારો ભરેલી બે ટ્રકોમાં આગ લાગ્યા બાદ આજે વહેલી સવારે ટેટોડા ગૌશાળા નજીક સુકો ઘાસચારો ભરેલી વધુ એક ટ્રકમાં આગ લાગવાની ઘટના બનવા પામી છે.. આ ટ્રકમાં પણ શોર્ટ સર્કિટના લીધે જ આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે.ટેટોડા નજીક ટ્રકમાં આગ લાગતા આ ટ્રકમાં ભરેલો તમામ ઘાસચારો બળીને રાખ થઈ ગયો હતો.



## ભિલોડામાં નઝેવાડ તળાવ ઉંડું કરવા માટે ખોદકામનું ખાતમુર્હુત કરાયું

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે એસ.ટી.બસ સ્ટેન્ડ સામે નઝેવાડ તળાવ ઉંડુ કરવા માટે ખોદકામનું ખાતમુર્હુત કરાયું હતું.આ પ્રસંગે ગુણવંતભાઈ ત્રિવેદી,ઐયુબભાઈ બાવજી,યોગેશભાઈ બુધ્ધ,અમરતભાઈ પ્રજાપતી સહિત સામાજીક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.ભાવી પેઢીના જતન માટે સૌ ભેગા મળી ગામનું પાણી ગામમાં રહે તે પ્રકારનું આયોજન હાથ ધરાયું છે.ભાવી પેઢીને વારસામાં જળ સંચયનો વારસો આપવા જળ સંચય અભિયાનમાં જોડાવું જોઈએ તેમ જણાવ્યું હતું.વરસાદી પાણીનો સંગ્રહ થાય તો ભુગર્ભમાં ઉડે ઉતરેલા પાણીના તળ ઉપર આવે અને ખેતી માટે લાભદાયી નિવડે તેમ જણાવ્યું હતું.સુઝલામ સુફલામ જળ અભિયાન-૨૦૧૮ અને જળ સંચય અભિયાન અંતર્ગત ઠેર-ઠેર તળાવો ઉંડા કરવાનું અભિયાન પુરજોશમાં ચાલી રહ્યું છે.ચોમાસા દરમ્યાન વરસાદી પાણીનો વ્યય થતો અટકાવવાના ભગીરથ પ્રયાસો રાજ્ય સરકાર હાથ ધરાયા છે ત્યારે જાગૃત પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.વરસાદી પાણીનો સંગ્રહ થાય તેના ઉપર વિશેષ ભાર મુકાય રહ્યો છે.વરસાદી પાણીનો નહી થવા દઈએ વ્યય જળ સંકટ સામે લડીને મેળવીશું વિજય વરસાદી પાણીના સંગ્રહ વડે જળ સંકટની સમસ્યા નિવારણ માટે રાજ્ય સરકાર ધ્વારા ઠેર-ઠેર જળ સંચયના કાર્યો આરંભવામાં આવ્યા છે.

# અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીને તાલુકા બનાવવા રાજ્ય સરકારમાં ઉગ્ર રજુઆત

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં આવેલ અરવલ્લીની ગીરીમાળાઓ વચ્ચે આવેલ સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી રાજસ્થાની સરહદે આવેલ છે. સમગ્ર દેશમાંથી યાત્રાળુઓ આ યાત્રાધામના દર્શને આવાતં હોય છે. આ વિસ્તાર કેટલીક બાબતોમાં પુરાતત્વ વિભાગો સાથે જોડાયેલો છે. આજુબાજુના વિસ્તારોની પ્રજા માટે શામળાજી વેપારનું મુખ્ય મથક છે. આ વિસ્તારમાં મોટાભાગે અનુસૂચિત જનજાતિની વસ્તીનો છે અને તે છુટાછવાયા વિસ્તારોમાં વસેલ છે. કુદરતી સૌંદર્યની દ્દષ્ટિએ આ જગ્યાનું મહત્વ ઘણું છે. શામળાજી નેશનલ હાઈવે નં. ૮ ઉપર હોવાથી વાહનવ્યવહારની દ્દષ્ટિએ પણ મહત્વનું સ્થળ છે. આ વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લેતાં આ વિસ્તારની પ્રજાની માંગણી અને સ્થાનિક સંસ્થાઓની રજુઆત મુજબ શામળાજીને તાલુકાનું મુખ્ય મથક બનાવી શામળાજી તાલુકા બનાવવાની રજુઆત કરવામાં આવેલ છે. અરવલ્લી જિલ્લા પંચાયતે પણ આ અંગે સામાન્ય સભામાં ઠરાવ કરીને શામળાજીને તાલુકા બનાવવા રજુઆત કરેલ છે.

શામળાજીને તાલુકા બનાવવામાં આવે તો આજુબાજુના વિસ્તારની પ્રજાને તાલુકા મથકે આવવા જવા માટે સરળતા રહે તેમ છે. હાલમાં શામળાજી વિસ્તારની પ્રજાને તાલુકા મથક થવા માટે ૫૦થી વધુ કિ.મી. અંતર કાપી ભિલોડા જવુ પડે છે. શામળાજીને તાલુકા બનાવવાની માંગણી ઘણા લાંબા સમયથી કરવામાં આવી છે તેમ છતાં આ અંગે હાલ સુધી રાજ્ય સરકારે કોઈ નિર્ણય લીધેલ નથી. આદીવાસી વિસ્તારને પ્રજાને તાલુકા મથકનો લાભ મળે તેમજ તેમના સરકારી કામકાજ અને રોજબરોજના કામો માટે શામળાજી મહત્વનું સ્થાન હોવાથી તાલુકો બનાવવાની માંગણી વ્યાજબી હોઈ રાજ્ય સરકાર આ અંગે ત્વરીત નિર્ણય લે તેવી જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્ર પારધીએ જણાવેલ છે.

# ઉનાવા (ઊંઝા) ખાતે સ્ટેટ બેંકમાં અપુરતા સ્ટાફના પગલે ભારે હાલાકી

ઊંઝા, તા. ૨૧

ઊંઝા નજીકના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા ખાતે ભારતીય સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં અપુરતા સ્ટાફને કારણે ગ્રાહકોને મુશ્કેલી વેઠવી પડે છે.

ઉનાવા ગામ લગભગ વીસ હજારની વસતિ ધરાવતુ સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ છે. અત્રે છેલ્લા ઘણા વર્ષોથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા બેંકનીશાખા કાર્યરત છે. બેંકની આ શાખામાં છેલ્લા ઘણા વખતથી જરૂરી સ્ટાફની નિયુક્તિ કરવામાં આવી નથી. આમ બેંકમાં કેટલીક ખાલી જગ્યાઓ પર કર્મચારી અધિકારીની નિયુક્તિ ન થતાં હાલમાં ફક્ત બે ત્રણ કર્મચારીઓથી કામકાજ ચાલી રહ્યું છે. બેંકમાં ખાલી જગ્યાઓના કારણે બેંકના કર્મચારી અધિકારી પર કામનુ ભારણ વધી ગયેલ છે. આ ઉપરાંત અપુરતા સ્ટાફના અભાવે બેંકના ગ્રાહકોને પણ મુશ્કેલી વેઠવી પડે છે. આ બાબતે સ્ટેટબેંક ઓફ ઈન્ડિયાના વરિષ્ઠ સત્તાધિશોએ સત્વરે ઉનાવા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં જરૂરી કર્મચારીઓની સત્વરે નિમણુંક કરવી જરૂરી બન્યુ છે.

# અરવલ્લી જિલ્લાના મોડાસા સહિત ચાર તાલુકાઓનાં આઠ તળાવોનું નિરીક્ષણ

મોડાસા, તા. ૨૧

આજરોજ જળ અભિયાન અંતર્ગત અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકા સહિત ચાર તેમજ ચેકડેમ અને નરેગાના કામોનું નિરીક્ષણ કર્યુંહતું. તેમની સાથે તમામ સ્થળોએ જિલ્લા ભાજપ પ્રમુખ રણવીસિંહ ડાભી, જળભિયાનના લાલકુંપા, મોડાસાના ફૂટા, ટીટોઇ અને ભિલોડાના ખોડંબા અને ગુંદેલા (ડોડીસરા) એમ ૮ તળાવોની આજે તેમણે મુલાકાત લઈ જિલ્લામાં



તાલુકાના વિવિધ ગામોમાં ચાલતા કામો પૈકી ૮ તળાવોની જિલ્લા પ્રભારી મંત્રી રમણલાલ પાટકરે મુલાકાત લીધી હતી અને તળાવોનું નિરીક્ષણ કરી આ કામગીરીમાં સ્થાનિકોના ઉત્સાહને બિરદાવ્યો હતો. આજે ચારેય તાલુકાઓ મોડાસા, માલપુર, મેઘરજ અને ભિલોડા તાલુકાઓમાં ૮ તળાવોના જિલ્લાના ઈન્ચાર્જ પ્રભુદાસભાઈ પટેલ, જે તે તાલુકાના જળ અભિયાનના ઈન્ચાર્જ, તાલુકા સંગઠનના પ્રમુખો, સ્થાનિક સરપંચો, જિલ્લા અને તાલુકા પંચાયતોના સભ્યો અને સ્થાનિકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

આજે માલપુરના ચોરીવાડ, નાથાવાસ, મેઘરજના બસ્કાદાંતી, ચાલતા કામો અંગે દરેક ગામે સભાઓ દરમિયાન મંત્રી રમણલાલ પાટકરે સંતોષ વ્યક્ત કર્યો હતો. જિલ્લા પંચાયત સિંચાઇ કાર્યપાલક ઈજનેર પી.એમ. ડામોર, નાયબ કાર્યપાલક ઈજનેર ડી.બી. ઝાલા, એચ.જી. જોશી, જે તે તાલુકાના ટીડીઓ સહિતના અધિકારીઓ પણ મંત્રી સાથે પ્રવાસમાં જોડાયા હતા.

## પ્રાંતિજના ઓરણમાંથી પાણીમાં ડુબી ગયેલ મૃતદેહ મળ્યો

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના ઓરણા ખાતે આવેલ સાબરમતી નદીમાં ૩૫ થી ૪૦ વર્ષ ના પુરુષની પાણીમાં ખદબદી ગયેલ કોહવાયેલી હાલતમાં લાશ મળી આવતા પોલીસે મોતનો ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના ઓરાણ ખાતે આવેલ સાબરમતી નદીમાં ૩૫ થી ૪૦ વર્ષના પુરુષની કોહવાયેલી લાશ મળી આવતાં પ્રાંતિજ પોલીસને અજયભાઈ કિરણભાઈ પટેલ રહે. પ્રાતિયા રામજી મંદિર પાછળ તા. જી. ગાંધીનગરનાઓએ પોલીસને જાન કરાતા પોલીસે ઘટનાસ્થળે જઈ તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં પાણીમાં ડુબી જવાથી મરણ થયું હોય તેવું લાગી રહ્યું છે તો પાણીમાં ખદબદી ગયેલ દુર્ગંધ મારતો યુરૂષ કોણ છે, ક્યાનો છે સહિતની પોલીસે તપાસ હાથ ધરી છે. હાલ તો પોલિસે મોત નં-૧૯-૨૦૧૮ સી.આર.પી.સી કલમ ૧૭૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# મોડાસા શહેરમાં તંત્રને પડકાર ફેંકતો ઈથીલીન પ્રવાહી છાંટી કેરીઓ પકાવવામાં આવતી હોવાનો વિડીયો વાઈરલ

મોડાસા, તા. ૨૧

ઉનાળાની અંગદઝાડતી ગરમીમાં રાહત મેળવવા માટે લોકો કેરીના રસ સહિત અનેક ઠંડા પીણાનો ભરપુર ઉપયોગ કરે છે. મોડાસા નગર સહિત જિલ્લાભરમાં અનેક સ્થળોએ કાર્બાઈડ અને ઈથેનીલ તેમજ કેમિકલથી પકવેલી કેરીઓનું ધૂમ વેચાણ કરી ગ્રાહકોનાં આરોગ્ય સાથે ચેડાં કરવામાં આવતા હોવાની અનેક ફરિયાદો ઉઠવા પામી છે. જિલ્લામાં ખુલ્લેઆમ કાર્બાઈડથી પકવેલી કેરીઓનું વેચાણ કરી ગ્રાહકોને છેતરવામાં આવી રહ્યા છે.

અરવલ્લી જિલ્લામાં તેમજ મોડાસાના વેપારીઓ પોતાના ગોડાઉન-વખારોમાં કેરી, ચીકુ, પપૈયા તેમજ કેળા કાર્બાઈડ અને ઈથેનીલથી પકવી બજારમાં ઉંચા ભાવે વેચાણ કરી રહ્યા છે. આ મામલે જિલ્લા ખાદ્ય અને ઔષધ વિભાગ તેમજ નગરપાલિકા દ્વારા લાપરવાહી દાખવવામાં આવતાં જાગૃતો લોકોમાં રોષની લાગણી પ્રવર્તી છે. જાણે તંત્રએ સ્વીકારી લીધુ હોય કે આ ફળો તો કુત્રીમ રીતે પાકી શકે છે.



સમય અંતરે નગરપાલિકા અને ફુડ અને ડ્રગની સંયુક્ત કાર્યવાહીમાં માત્ર ૨૦૦ થી ૫૦૦ કિલો કેરી એ પણ બગડેલી કેરીનો જથ્થો નાશ કરી સંતોષ માની રહ્યા છે. પરંતુ નગરમાં રોજ ૫૦ ટન કરતા વધારે કેરી ઠલાવાય છે અને બધી કાર્બાઈડ અને ઈથેનીલથી જ પકવવામાં આવે છે ત્યારે શુ એમ માનવુ જોઈએ કે આ કાર્યવાહી ફકત અને ફ્કત ખાનાપુર્તિ અને દેખાડો હતો.

મોડાસામાં નાની-મોટી ફળ-ફળાદિની દુકાનો તેમજ લારીઓમાં છૂટક તેમજ બોક્ષમાં આ પ્રકારે કાર્બાઈડથી પકવેલી કેરીઓ બેરોકટોકપણે ગ્રાહકો પધરાવવામાં આવતી હોવાનું જાગૃત લોકો જણાવી રહ્યા છે. સસ્તા ભાવની કેરીઓને ગોડાઉન તેમજ વખારોમાં આ પ્રકારે કાર્બાઈડ તેમજ અન્ય કેમિકલ દ્વારા પકવી નાના-મોટા બોક્ષમાં પેક કરી ગ્રાહકો પાસેથી ઉંચી કિંમતો વસૂલી ગ્રાહકો સાથે ખુલ્લેઆમ છેતરપીડી આચરવામાં આવે છે.

આવી કાર્બાઈડ અને અન્ય કેમિકલ દ્વારા પકવેલી કેરીઓ આરોગ્ય માટે પણ જોખમી હોવાથી જાહેર આરોગ્ય સામે પણ ભયંકર જોખમ ઉભુ થવા પામ્યું છે. કાર્બાઈડ અને ઈથેનીલથી પકવવામાં આવેલ ફળફળાદીનું સેવન કરવાથી કેન્સર જેવા જેવલેણ રોગો પણ થઈ શકે છે ત્યારે તંત્ર ગોડાઉનો અને વખારોમાં ચેકીંગ હાથ ધરી સખત કાર્યવાહી કરે તેવી લોક માંગ છે.

### હિંમતનગર - ઈડર બાયપાસ રોડ પર ટોલટેક્સ નજીક આવેલ હોટલ નમોમાંથી

# આઈપીએલ મેચ પર સટ્ટો રમાડતાં ૪ શખ્સો ઝડપાયા

## ૧ લાખના મુદ્દામાલ ઝડપાયો : હોટલ માલિક તથા મેનેજર વિરુદ્ધ ફરિયાદ નોધાઈ



સાબરકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક કે.એન.ડામોરે હાલમાં આઈપીએલ ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમતાં ઈસમો પર વોચ રાખી સટ્ટની ગેરકાયદેસર પ્રવૃત્તિ નસ્તેનાબુદ કરવા સુચના આપેલ હોઈ નાયબ પોલીસ અધિક્ષક એ.ડી.શ્રી વાસ્તવ હિમંતનગર નાઓના માર્ગદર્શન હેઠળ તારીખ ૨૦ મે ૨૦૧૮ ના રોજ બપોરે થી રાત્રીના સમય દરમ્યાન મદદનીશ પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુની સુચના હેઠળ ગ્રામ્ય પોલીસ સ્ટેશન ના પીએસઆઈ એસ.ડી.ચૌધરી તથા તેમની ટીમ દ્વારા મળેલી બાતમી ના આધારે સાબરકાંઠા જિલ્લાના વડા મથક હિમંતનગર ખાતે ઈડર-હિમંતનગર બાયપાસ રોડ ઉપર ટોલટેકસ નજીક આવેલ હોટલ નમો માં રેડ કરતાં હોટલના રૂમ નંબર ૩૦૯ માં જડતી તપાસ હાથ ધરતા ૪ ઈસમો આઈપીએલ ક્રિકેટ મેચ દિલ્હી ડેરડેવીલ્સ તથા મુબંઈ ઈન્ડિયન્સ વચ્ચે જીવંત પ્રસારણ ઉપર પૈસા થી હારજીતનો સટ્ટો રમાડતાં હિમંતનગર ના (૧) ઈમરાન સત્તારભાઈ મેમણ ઉ.વ.૩૩ રહે. ઝહીરાબાદ, સવગઢ,હિમંતનગર (૨) મુનીર સલીમભાઈ મેમણ ઉ.વ.૨૮ રહે. સુકુન સોસાયટી ની બાજુમાં આરટીઓ સર્કલ પાસે સવગઢ , હિમંતનગર (૩) ઈમ્તિયાઝ એહમદ મનસુરી ઉ.વ. ૩૪ રહે. આરટીઓ ઓફીસ પાછળ સવગઢ, હિમંતનગર (૪) જહુરમિયા રહિમમીયા શેખ ઉ.વ. ૪૩ રહે. અસન સૈયદ દર્ગા ની પાછળ આવાસ યોજના હસનનગર ન્યાય મંદિર હિમંતનગર નાઓના ઈસમો પાસે થી જુગાર રમવાની રકમ રુ. ૨૦,૦૦૦/- તથા એલસીબી ટીવી નંગ - ૧ તથા સેટ અપ બોક્સ રીમોટ સહિત કિમંત રુ. ૧૨૦૦/- તથા અલગ અલગ કંપની ના મોબાઈલ નંગ - ૬ કિમંત રુ. ૭૧,૦૦૦/- એમ મળી કુલ રુ. ૧,૦૩,૭૧૦/- ની મત્તાનો મુદ્દામાલ જપ્ત કરી હોટલ માલિક , મેનેજર તથા ગેરકાયદેસર રીતે સટ્ટો રમાડતાં ૪ શખ્સો વિરુદ્ધ હિમંતનગર ગ્રામ્ય પોલીસ મથકે જુગાર ધારા કલમ ૪,૫ મુજબ ગુનો દાખલ કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## મેઘરજના બ્રાહ્મણ કોટડાની સીમમાંથી ગળેફાંસો ખાધેલ હાલતમાં મૃતદેહ મળ્યો

મેઘરજના બ્રાહ્મણ કોટડા ગામે શના શબા ખાંટના ખેતર નજીક વાત્રક નદીના પટમાં આશરે પાંત્રીસ વર્ષનો કોઈ પુરૂષ ઝાડ સાથે ગળે ફાંસો ખાધેલ હાલતમાં લટકતી લાશ જોવા મળતા ગામના એક આગેવાનને જાણ કરી હતી અને ગામલોકો તેમજ આગેવાન બચુભાઈ સોમાભાઈ વરસાત ઘટના સ્થળે પહોંચ્યા હતા અને લટકતી લાશને જોઈ ઈસરી પોલીસને જાણ કરી ફરીયાદ નોંધાવતા ઈસરી પોલીસે દોરડાથી ગળેફાંસો ખાઈ મૃત્યુ પામ્યાનો ગુન્હોં નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન મૃતક યુવક બ્રાહ્મણ કોટડામાં બીજા લગ્ન કરી રહેતી માતાનો પુત્ર છે અને જે મૃતક મુળ મંજુલાબેન વસાવાનો પહેલાના પતિનો પુત્ર વિજય રતનભાઈ વસાવા રહે. પેટીયા, તા. વાલીયા નો પુત્ર હોવાનુ બહાર આવતા આને હત્યા ગણવી કે આત્મહત્યા તે અંગે ઈસરી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.એચ. પરમારે આ ઘટના અંગે આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુરમાં ગૌ સેવકો દ્વારા કીર્તિદાન ગઢવી અને ફરીદા મીરનો ગૌસેવા અર્થે યોજાયો ડાયરો

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે આવેલ લક્ષ્મીપુરા પટેલ સમાજની સમૂહલગ્નની વાડીમાં રવિવારે રાત્રે ગૌસેવકો દ્વારા ગૌસેવાના લાભાર્થે ડાયરો યોજાયો હતો. જેમાં ગુજરાતના ખ્યાતનામ કલાકારો કીર્તિદાન ગઢવી અને ફરીદા મીરે પોતાના સુંદર કંઠથી ડાયરાની જમાવટ



જમાવતા શહેરીજનો તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના હજારો લોકો ડાયરાની મજા માણવા ઉમટી પડ્યા હતા જ્યારે કલાકારો દ્વારા પ્રેક્ષકોને મનગમતા ગીતો ગવાતા પ્રેક્ષકોએ ખુલ્લા મને લાખો રૂપિયાની નવી ચલણી નોટોનો વરસાદ કર્યો હતો. કીર્તિદાન ગઢવીએ પ્રેક્ષકો દ્વારા ઉઠાવેલા રૂપિયા ગૌસેવાના લાભાર્થે વાપરવાના છે.

બનાસકાઠા જિલ્લામાં તાજેતરમાં ગૌશાળાઓ અને પાંજરાપોળનો પ્રશ્ન મહત્વનો બની બેઠો હતો.જિલ્લામાં આવેલી ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોને સરકારી સહાય ન ચૂકવાતા સંચાલકોએ આંદોલનનો માર્ગ અપનાવ્યો હતો અને ગૌશાળા અને પાંજરાપોળમાં રહેતા પશુઓની હાલત દયનીય બની ગઈ હતી ત્યારે જીલ્લામાં આવેલી વિવિધ ગૌશાળામાં હજારો પશુઓના જીવ બચાવવા સંચાલકો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી ફંડ એકત્રિત કરવાનો વારો આવ્યો હતો જ્યારે રવિવારે રાત્રે પાલનપુર શહેરમાં આવેલ લક્ષ્મીપુરા ખાતે પટેલ સમાજની સમૂહલગ્ન વાડીમાં ગૌસેવકો દ્વારા ગૌ સેવાના લાભાર્થે લોકડાયરાનું આયોજન કરાયું હતું જે તમામ રકમ રાજારામ ગૌશાળા ટેટોડા ખાતે આપવામાં આવશે.